Extra No. 39

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, FEBRUARY 2, 2026 / MAGHA 13, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબ

FileNo:KHD/MAG/e-fils/4502026/0306/MAGBRANCH-તા.૨૧/૦૧/૨૦૨૬થીતા.૧૩/૦૩/૨૦૨૬દરમ્યાનખેડાહેડકવાર્ટર્સપોલીસ પરેડ ગ્રાઉન્ડ, ખેડા કેમ્પ, તા.જિ. ખેડા ખાતે પોલીસ ભરતી પ્રક્રિયા ચાલનાર હોય, સદર ભરતી દરમ્યાન બહારના જિલ્લાના ઉમેદવારો વિવિધ વાહનો મારફતે આવે તે નકારી શકાય નહી. જેથી આ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને ભરતી કામગીરીનું સુચારુ આયોજન થાય તે માટે ખેડા હેડ કવાર્ટર્સ પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ખેડા કેમ્પ. તા.જિ.ખેડા ખાતે ભરતી પ્રક્રિયા ચાલુ રહેનાર હોય તા.૨૧/૦૧/૨૦૨૬ થી તા.૧૩/૦૩/૨૦૨૬ દરમ્યાન દરરોજ રાત્રીના સ.ક.૦૨-૦૦ થી દિવસના સ.ક.૧૨-૦૦ દરમ્યાન નીચે પોઈન્ટ-એ માં જણાવ્યા મુજબના જાહેરમાર્ગ ઉપર વાહન વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા અને પોઈન્ટ-બી માં જણાવ્યા મુજબના જાહેરમાર્ગ ઉપર થઈ વાહન વ્યવહાર ચાલુ રહે તે રીતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી ખેડા-નડીયાદનાઓએ તેઓશ્રીના પત્ર ક્રમાંક:એલઆઈબી/પોલીસ ભરતી/રોડ જાહેરનામું/૭૬/૨૦૨૬, તા.૧૭/૦૧/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે. તેઓશ્રીની સદર દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૧/૦૧ ૨૦૨૬ થી તા.૧૩/૦૩/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) દરમ્યાન દૈનિક રાત્રીના સ.ક.૬,૦૨-૦૦ થી દિવસના સ.ક. ૦૨-૦૦ દરમ્યાન નીચેના જાહેર માર્ગો ઉપર વાહન વ્યવહારની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાના માર્ગો: -

1. ખેડા કેમ્પ પાટીયા (જુના ને.હા.નં.૮ રોડ) થી શેઢી નદી નજીક ત્રણ રસ્તા થઈ તથા ખેડા શહેર થી ગેબનશાપીર દરગાહ, શેઢી નદી નજીક ત્રણ રસ્તા થઈ ખેડા કેમ્પ, ખુમરવાડ ગામ અને મહેમદાવાદ શહેર તરફ જતો તમામ વાહન વ્યવહાર.

■ ખેડા કેમ્પ પાટીયા ખેડા ચોકડી અથવા ખેડા શહેર થી બસ સ્ટેન્ડ, વિઠ્ઠલપુરા પાટીયા ત્રણ રસ્તા થઈ મહેમદાવાદ અથવા ખુમરવાડ ગામ તરફ જઈ શકાશે.

2. ખેડા-મહેમદાવાદ રોડ વિઠ્ઠલપુરા પાટીયા થી ખેડા કેમ્પ થઈ ખેડા શહેર અથવા ખેડા કેમ્પ પાટીયા (જુના ને.હા.નં.૮) તરફ જતો તમામ વાહન વ્યવહાર.

■ ખેડા-મહેમદાવાદ રોડ વિઠ્ઠલપુરા પાટીયા થી ખેડા ગામ, ખેડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

3. ખુમરવાડ ગામ થી ખેડા કેમ્પ ગામ થઈ ખેડા શહેર અથવા ખેડા કેમ્પ પાટીયા (જુના ને.હા.નં.૮) તરફ જતો તમામ વાહન વ્યવહાર. 39

(B) ઉપરોકત વાહન વ્યવહાર બંધ થતાં વૈકલ્પિક માર્ગો:-

1. ખેડા કેમ્પ પાટીયા (જુના ને.હા.નં.૮ રોડ) થી શેઢી નદી નજીક ત્રણ રસ્તા થઈ તથા ખેડા શહેર થી ગેબનશાપીર દરગાહ. શેઢી નદી નજીક ત્રણ રસ્તા થઈ ખેડા કેમ્પ. ખુમરવાડ ગામ અને મહેમદાવાદ શહેર તરફ જતો તમામ વાહન વ્યવહાર.

   ■ ખેડા કેમ્પ પાટીયા થી ખેડા ચોકડી અથવા ખેડા શહેર થી ખેડા બસ સ્ટેન્ડ, વિઠ્ઠલપુરા પાટીયા ત્રણ રસ્તા થઈ મહેમદાવાદ અથવા ખુમરવાડ ગામ તરફ જઈ શકાશે.

2. ખેડા-મહેમદાવાદ રોડ વિઠ્ઠલપુરા પાટીયા થી ખેડા કેમ્પ થઇ ખેડા શહેર અથવા ખેડા કેમ્પ પાટીયા (જુના ને.હા.નં.૮) તરફ જતો તમામ વાહન વ્યવહાર.

   ■ ખેડા-મહેમદાવાદ રોડ વિઠ્ઠલપુરા પાટીયા થી ખેડા ગામ, ખેડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

3. ખુમરવાડ ગામ થી ખેડા કેમ્પ ગામ થઈ ખેડા શહેર અથવા ખેડા કેમ્પ પાટીયા (જના ને.હા.નં.૮) તરફ જતો તમામ વાહન વ્યવહાર.

   ■ ખુમરવાડ ગામ થી ખેડા કેમ્પ ત્રણ રસ્તા પોલીસ લાઈન નજીક થી મહેમદાવાદ રોડ, વિઠ્ઠલપુરા પાટીયા થઈ ખેડા શહેર, ખેડા ચોકડી થઈ આગળ તરફ જઈ શકાશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમની સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે ડાયવર્ઝન કરવામાં આવે તે માટે જરૂરી ખેડા જિલ્લા અને સ્થાનિક પોલીસ દ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

ખેડા-નડીઆદ તા.૨૧/૧/૨૦૨૬

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.25 14:32:10 IST